ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# બાબુઓના સરકારી બંગલાઓની સજાવટ પાછળ તોતિંગ ખર્ચ

**નાની કક્ષાના આવાસો માટે કોઇ આયોજન કરવામાં આવતુ નથી : વગર ટેન્ડરે પણ કામ હાથ ધરી બિનજરૂરી ખર્ચ થતો હોવાનો ગણગણાટ**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે નવા આવાસો બાંધવા માટે પણ સ્થળ પસંદગી ઝડપથી થતી નથી ત્યારે શહેરમાં સ્થિત બાબુઓના બંગલા પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. વગર ટેન્ડરે પણ લાખોનો ખર્ચ કરી ઉચ્ચ અધિકારીઓના બંગલાની સજાવટ કરવામાં આવતી હોવાનો ગણગણાટ વિભાગમાં જ ઉઠવા પામ્યો છે જેના લીધે નીચલી કક્ષાના આવાસોની મરામત તેમજ રીનોવેશનના ખર્ચ માટે પણ યોગ્ય આયોજન થઈ શકતુ નથી.

ગાંધીનગર શહેરમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો છે. જયારે આ આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. પરંતુ માર્ગ મકાન વિભાગનુ તંત્ર બાબુઓના બંગલાની સજાવટમાં જ મોટા સરકારી ખર્ચ કરે છે. બંગલાઓમાં વગર ટેન્ડરે પણ સજાવટના કામ થઈ જાય છે. જયારે આ સ્થિતિ વચ્ચે નાના કર્મચારીઓના આવાસોની મરામત કે રંગરોગાનનુ કામ અધ્ધરતાલ રહે છે. વિભાગના સુત્રોમાં પણ આ મામલે અનેકવાર ગણગણાટ થાય છે. જેમાં ઘ કક્ષાથી માંડીને જ કક્ષાના નાના આવાસોનુ સમયસર કામ એન મજબુતીકરણ હાથ ધરવામાં આવે તો આવાસની ઘટ પણ હાલ નિવારી શકાઈ હોત તેમ પણ મનાઈ રહ્યુ છે. સરકાર દ્વારા પાટનગર યોજના વિભાગને ફાળવવામાં આવતુ બજેટ ગ અને ક કક્ષાના બંગલાઓની સજાવટ પાછળ જ વપરાય છે. અલબત મોટાભાગના ખર્ચ તેમાં જ થઈ જાય છે. જયારે માર્ગ મકાન વિભાગના અધિકારીઓ પણ આ મામલે ભલામણ કરતા ખુલ્લોદૌર મળે છે. વિવિધ કક્ષાના બંગલામાં સુવિધાઓ ઉભી કરવા સતત ટુંકા ગાળમાં ખર્ચ થતો રહે છે. બંગલાની અંદર બહાર કલરકામ કરવામાં આવે છે. જયારે કામ પસંદ ન આવે તો ફરીથી કલર કરવામાં આવે તેવી પણ અનેક ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ કામગીરી માટે વગર ટેન્ડરે જ મોટી રકમ ખર્ચ કરી દેવામાં આવે છે. માર્ગ મકાન વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓનો વર્ગ આ કામ માટે જ દોડતો રહે છે. પાણી મોડુ આવે કે ઓછા દબાણથી આવે તો પણ તંત્ર દોડતુ થઈ જાય છે. આમ નાગરિકોની દુવિધાઓ વિશે કોઈ જાણે વિચાર જ કરતુ નથી સરકારી કર્મચારીઓ માટે નવા આવાસો બાંધવાનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવતુ નથી. જુના અને જોખમી મકાનો તોડયા બાદ નવી સાઈટ પણ પસંદ કરવામાં આવતી નથી. જુના સરકારી આવાસોનુ યોગ્ય રીનોવેશન કરવામાં આવતુ નથી જો થાય તો રહેણાંકને લાયક નવા મકાનો મળે તેમ છે. પરંતુ હાલ તો સરકારી ચોપડે પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે.

# શહેરમાં કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા

**સે. ૨, સરગાસણ, ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસ મળ્યા : ત્રણેય મહિલા દર્દી : એક નીફ્ટ અને એક એન.આઈ.ડી.ની વિદ્યાર્થીની કોરોનામાં સપડાઈ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ત્રણ કેસ નોંધાયા છે જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત ત્રીજા દિવસે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. સંક્રમણ ઘટતાં કોરોના ગાઈડલાઈનના પાલનને લઈ લોકો જે રીતે બેભિકરા બન્યા છે અને કેસો મળી રહ્યા છે તેથી તંત્ર ચિંતાતુર બનેલ છે.

શહેરમાં બે દિવસ બાદ કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દી મહિલા દર્દી છે. આ ત્રણેય મહિલા દર્દીઓને કોરોનાના હળવા લક્ષણો દેખાતા તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે તંત્રએ મંજૂર રાખેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા ૩ કેસમાં એક વિદ્યાર્થીની નિફ્ટની છે તો એક વિદ્યાર્થીની એન.આઈ.ડી.ની છે. અને એક ગૃહીણી છે. શૈક્ષણિક સંસ્થાઓમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ પણ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે અને જે કેસો છુટા છવાયા કેસો મળી રહ્યા છે તેમાં મોટાભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. આ વખતે મહિલાઓ પ્રમાણમાં વધુ સંક્રમિત થતી જણાતી હોઈ તંત્ર ચિંતીત છે. શહેરમાં આજે સે. ૨, સરગાસણ અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસો મળેલ છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આ સાથે એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૧૫ થઈ છે. જો કે મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા જણાવ્યુ છે. સઘન સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી કોરોનાનો નવો કેસ નોંધાયો નથી. જો કે તંત્રએ સઘન સર્વેલન્સ યથાવત રાખવા સાથે ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા જણાવ્યુ છે.

## રવિવારે કોવિડ વેક્સિનેશન અંગે મેગા અભિયાન યોજવા તંત્રનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ રવિવારે કોવિડ-૧૯ના પ્રતિકાર માટે સઘન વેક્સિનેશન અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે.

૧૨ થી ૧૪ વર્ષની વયના બાળકો તેમજ પ્રિકોશન ડોઝ લેવામાં લોકોની ઉદાસીનતાને લઈ તંત્ર દ્વારા સરકારની સૂચનાઓને ધ્યાને લઈ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરમાં ૧૫ થી ૧૮ વર્ષના બાળકોમાં વેક્સીનેસનની કામગીરી ૯૦ ટકા થઈ છે. શહેરમાં રવિવારે આ મેગા વેક્સીનેશન અભિયાન માટે ૫૩ સ્થાનોની પસંદગી કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ૧૨ થી ૧૪ વર્ષના બાળકો તેમજ પ્રિકોશન ડોઝની કામગીરીમાં ઉદાસીનતા જોવા મળી છે. જિલ્લામાં ૧૦૬ કેન્દ્રો પર આ મેગા વેક્સિનેશન અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે.

તંત્ર દ્વારા રવિવારના મેગા વેક્સિનેશન અભિયાન અંગેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.

# રાયસણ સ્થિત આવાસોમાં લીફટ બંધ સફાઈના અભાવે ગંદકીના થર જામ્યા

**ગુડાની પ્રથમ આવાસ યોજના નમુનારૂપ બની ..!! ગુણવત્તા વગરના આવાસોનુ નિર્માણ કરાયા બાદ ગુડાનુ તંત્ર પણ પ્રશ્નો હલ કરવાના બદલે ગરીબ લાભાર્થીઓને નિયમો બતાવે છે**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એક દાયકા પુર્વે નિર્માણ કરાયેલી પંડિત દિનદયાળ આવાસ યોજના હાલ કંગાળ હાલતમાં જોવા મળી રહી છે. રાયસણ સ્થિત આ આવાસ યોજનામાં છેલ્લા ઘણાં સમયથી લીફટ બંધ છે જયારે આવાસ યોજનાના પેસેજની ટાઈલ્સો પણ ઉખડી ગઈ છે. આ ઉપરાંત આવાસોમાં ભેજ ઉતરે છે. તેમજ સફાઈના નામે પણ મીંડુ છે. લાંબા સમયથી લીફટ બંધ હોવાના લીધે સિનિયર સીટીઝન્સ તેમજ દર્દીઓની હાલત અત્યંત દયાજનક બની છે. ગુડાએ આ આવાસોનુ નિર્માણ કર્યા બાદ જાળવણીનો ખર્ચ વસુલી આવાસોના રહીશોને રામભરોસે છોડી દીધા છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોમાં રોષ પ્રબળ બન્યો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ, ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ જયારે આ આવાસો તૈયાર કરનારી એજન્સી સામે પણ ગુડાએ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. પરંતુ આર્થિક સંકડામણ વચ્ચે જીવતા લાભાર્થીઓએ માંડ લોન લઈને આ મકાનોના હપ્તા ચુકવ્યા છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે હાલ આવાસના લાભાર્થીઓએ પોતના પૈસા ખર્ચીને કામ કરાવવુ પડે તેવી સ્થિતિ આવી છે. વર્ષ ૨૦૧૧-૧૨ અને ૧૨-૧૩ માં રાયસણ, અડાલજ અને ચિલોડામાં એલ આઈ જી આવાસોની પ્રથમ યોજના તૈયાર કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# ગીફટ સીટીને અનુલક્ષી કોઈ વાહન સેવા નહી : અગાઉ દોડતી બસ પણ બંધ કરી

**પાલજ ગીફટ સીટી રૂટમાં અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ પણ કાર્યરત છે આમછતા હજુ સુધી યોગ્ય વાહન સેવાનો અભાવ**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર એસ ટી ડેપોની બસ સેવા છેલ્લા ઘણાં સમયથી ખાડે ગઈ છે. એસ ટી બસના યોગ્ય રૂટ સંચાલનના લીધે શહેરી બસ સેવાના સેકટરોના રૂટ પણ કોરોના કાળમાં અસ્તવ્યસ્ત થઈ ગયા છે. જયારે ગીફટ સીટી રૂટમાં પણ અગાઉ દોડતી ગીફટ સીટીથી પથિકાશ્રમ બસ પણ બંધ કરી દેવામાં આવી છે. જેના લીધે આ રૂટમાં રોજબરોજ અવરજવર કરતા મુલાકાતીઓને વાહન સેવા મળતી નથી. આ રૂટમાં અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ પણ કાર્યરત છે. જેના લીધે બસ સેવા શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરી બસ સેવા પણ છેલ્લા ઘણાં સમયથી ખાડે ગઈ છે. સેકટરોમાં બસ ન આવતી હોવાની ફરિયાદો સ્થાનિકો માટે મુંઝવણનુ કારણ બની છે. કોરોના કાળમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં અગાઉ આવતી વિવિધ રૂટની બસ સેવા પણ ઉપલબ્ધ થતી નથી જેના લીધે સેકટરવાસીઓએ કલાકો સુધી બસ માટે વલખા મારવા પડે છે. એકબાજુ વેકેશનનો સમય ચાલી રહ્યો છે. ત્યારે બસ સેવાના અભાવ વચ્ચે આકરી ગરમીમાં નાગરિકોએ હેરાનગતિ વેઠવી પડે છે. બીજીતરફ ગાંધીનગર આસપાસના વિસ્તારમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

# પંચદેવ મંદિર પાસે યોગ્ય રીતે પૂરણકામ ન થતાં મેયર જાતે સાઈટ પર પહોંચ્યા અને તાકીદ કરી

ગાંધીનગર, તા. ૨૦

સે. ૨૨ માં પંચદેવ મંદિરથી સે. ૨૧માં જવાના માર્ગ પર નાખવામાં આવેલ પાણીની નવી પાઈપલાઈન પછી પૂરણની કામગીરી યોગ્ય રીતે ન થતાં મેયર હિતેશ મકવાણાએ આજે ત્યાં જઈ કામગીરી માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

છેલ્લા બે દિવસથી પૂરણ યોગ્ય રીતે ન થયાની ફરિયાદ ઉઠી હતી. ખાડામાં વાહનો પછડાતા અને સ્લીપ થઈ જતા હોવાની ફરિયાદ કાઉન્સીલરોએ મેયરને કરી હતી.

ખુબજ ગંભીરતાથી આ ફરિયાદો રજુ કરાતાં કાઉન્સીલરોએ વિડીયો બનાવી પણ પુરાવા સ્વરૂપે રજુ કર્યા હતા.

આજે સવારે મેયર હિતેશ મકવાણા જાતે સાઈટ પર આવ્યા હતા અને તેમણે પરિસ્થિતિ પામી જઈ તાત્કાલિક માર્ગ બંધ કરવા ટ્રાફિક પોલીસને ભલામણ કરી કોન્ટ્રાટરને બોલાવી જેસીબીની મદદથી આડેધડ કરાયેલ પુરણની



કામગીરીને પુનઃ અને યોગ્ય રીતે કરવા કડક તાકીદ કરી હતી.

ભર તડકામાં અર્ધો કલાકથી પણ વધુ સમય સાથે તેઓ કાઉન્સીલરો સાથે હાજર રહી કામગીરી યોગ્ય રીતે થાય તે જોવા જણાવ્યુ હતુ. સાંજ સુધી આ કામગીરી ચાલુ રહી હતી.

આ મુખ્ય માર્ગ હોવાથી પૂરણ યોગ્ય રીતે થવુ જોઈએ એવુ નહિ પણ દરેક જગ્યાએ યોગ્ય રીતે પૂરણની કામગીરી થાય તે જોવા તેમણે એજન્સીને તાકીદ કરી હતી. તેમણે ચાલી રહેલ વોક-વે અને ડિવાઈડરની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યુ હતુ. તેમણે સાઈટ છોડતા પહેલા કાઉન્સીલરોને પણ આખો દિવસ હાજર રહી નિરીક્ષણ કરી રિપોર્ટ કરવા જણાવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવનો શાનદાર શુભારંભ

**પ્રથમ દિવસે બોલીવુડ ઢોલ કિંગ હનીફ-અસલમે ગાંધીનગરને ઘેલું કર્યુ : સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ દિપ પ્રગટાવીને કલ્ચરલ ફોરમના નવા વર્ષના કાર્યક્રમોનો શુભારંભ કરાવ્યો**







ગાંધીનગર

ગાંધીનગરના નાગરિકો પ્રતિવર્ષ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હોય છે એ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવનો શાનદાર શુભારંભ થયો છે. ગુરુવારે રાત્રે રાજ્યના ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ મંગલ દિપ પ્રગટાવીને ગ્રીષ્મોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. ગાંધીનગરના કલારસિક નાગરિકોને ઉદબોધન કરતાં મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું હતું કે, કોઈપણ શહેરની સંસ્કૃતિની ઓળખ તેના નાગરિકોને આભારી હોય છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ છેલ્લા ૨૭ વર્ષોથી ગાંધીનગરમાં સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના માધ્યમથી સંસ્કાર સિંચનનું કામ કરે છે તે ખરેખર પ્રશંસનીય છે. કલા, સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે ગાંધીનગરની વિશેષ ઓળખ ઉભી કરવા માટે પ્રયત્નશીલ સૌ નાગરિકોને તેમણે અભિનંદન આપ્યા હતા.

ગાંધીનગરના મેયર શ્રી હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશુભાઈ પટેલ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી પ્રશાંતભાઈ જોશી અને શ્રી હરિ ગ્રુપના શ્રી નિસર્ગભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગ્રીષ્મોત્સવના પ્રથમ દિવસે હજારો નાગરિકોએ 'બોલીવુડ ઢોલ કિંગ' તરીકે જાણીતા ભારતના સુપ્રસિદ્ધ ઢોલી શ્રી હનીફભાઈ અને શ્રી





અસલમભાઈના સુપરડુપર હિટ ઓરકેસ્ટ્રાને મન ભરીને માણ્યું હતું.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહાએ પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમ કોરોનાના બે વર્ષના અંતરાલ પછી પુનઃ ગાંધીનગરના નાગરિકોની સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે સેવા કરવા સુસજ્જ છે. આવનારી પેઢીમાં કલા અને સાહિત્યના સંસ્કારો પાંગરે તે માટે કલ્ચરલ ફોરમ વિશેષ પ્રયત્નો કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવના પહેલા દિવસે હનીફ - અસલમે ધૂમ મચાવી હતી. ગાંધીનગરના સંગીત પ્રેમી નાગરિકો હનીફ-અસલમના ઢોલના તાલે ઝૂમ્યા હતા. ગાયક કલાકારો એશ્વર્યા પંડિત ( સારેગમપ ૨૦૦૮ ફાઈનલીસ્ટ) , રિયા ભટાચાર્ય, રેહાન ખાન (ફેમ એક્સ વિનર), અર્શ મહંમદ (ઈન્ડિયન આઈડોલ ૨૦૨૦ ફાઈનલીસ્ટ ) અને ફિરોઝ લાડકાએ ગાંધીનગરના નાગરિકોને કર્ણપ્રિય ગાયનથી ડોલાવી દીધા હતા.

શ્રી હનીફ અને શ્રી અસલમે કહ્યું હતું કે, આજે ગાંધીનગરે અમારી કલાની ખૂબ કદર કરી છે. અમે ગાંધીનગરના નાગરિકોના અભૂતપૂર્વ પ્રતિસાદથી ગદગદ છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, રાગ, રસોઈ અને પાઘ ક્યારેય એક સરખા ન બને. પણ આજે ગાંધીનગરમાં અમને અમારુ સંગીત કદરદાન પ્રેક્ષકો સમક્ષ રજૂ કરતાં ખૂબ આનંદ થયો છે. ગાંધીનગરનનો આ કાર્યક્રમ અમને હંમેશાં યાદ રહેશે.

# જિલ્લામાં હીટવેવને પગલે ખરીફ વાવણી મોડી થવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં પ્રવર્તી રહેલ હીટવેવની સ્થિતિને લઈ ખરીફ વાવણીનો મોડો આરંભ થશે. સામાન્યતઃ મે ના અંતિમ સપ્તાહમાં કપાસ અને અન્ય પાકોની વાવણીનો આરંભ થતો હોય છે.

જિલ્લામાં જે રીતે હીટવેવ પ્રવર્તી રહ્યો છે તેને કારણે કપાસની ક્યારીઓ પણ ખેડૂતોએ બનાવી નથી. તીવ્ર હીટવેવને કારણે જમીનમાં ભેજનું તત્વ પણ નામશેષ થઈ ગયુ છે. હીટવેવને પગલે તેમજ ગત ચોમાસામાં ૨૧ ટકા જેટલી વરસાદની ઘટને કારણે જમીનના પાણીના સ્તર ખુબ નીચા ગયા છે.

જિલ્લામાં સિંચાઈની સુવિધા નહિવત્ છે તેમજ અવકાશી ખેતી પર ખેડૂત વધારે નિર્ભર હોય છે. જિલ્લામાં હાલ પાણીની ખેંચ હોવાથી બોરના મેઈન્ટેન્સ પણ વધ્યા છે અને તેના પાણી મોંઘા થયા છે એટલે ખેડૂત ચિંતાતુર બન્યો છે.

જિલ્લામાં છેલ્લા એક-બે દિવસથી દક્ષિણના પવન શરૂ થયા છે પણ વરસાદ લાવે તેવા પવનો નથી. તંત્રની મુંઝવણ પણ વધી છે. આ વખતે બિયારણ મોંઘુ થયુ છે એટલે ખેડૂત વાવણી કરવાની બહુ ઉતાવળમાં નથી.

જિલ્લામાં ખરીફ પાકનું વાવેતર ૧ લાખ ૬૦ હજાર હેક્ટરથી વધારે વિસ્તારમાં થાય છે. હાલ ખેડૂત માટે મોટો પડકાર ઉનાળુ

● અનુસંધાન પાન-૭ પર

ચોથી પુણ્યતિથિએ
આદરાંજલિ



સ્વ. પદ્માબેન જમનાદાસ મહેતા
સ્વર્ગવાસ તા. ૧૯/૫/૨૦૧૮

સત્વને શીલના ધારક-
માતુશ્રીને શત્ શત્ નમન...
આજે તમોને સ્મરીને કરીએ ભાવવંદનો;
પરિવાર સમસ્ત સમર્પે, હૃદયથી શ્રદ્ધાસુમનો.
સ્મૃતિ સંપદામાં તવ પાવન સંસ્મરણો...
શાશ્વત, મંગલ, મધુર, શહસ્ત્ર અમૃતવચનો !

લિ.
રાજુલ - સ્નેહા ● શ્રેયા - પ્રહરકુમાર - સ્વરા ● હિતા - આલાપકુમાર
નિપુલ - ક્રિષ્ના - નીલ - મેધા - ખનિષ્કા - જયમીન - કૃપા
સુકેતુ - જીજ્ઞા ● નિધી - નીલકુમાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com